**ક્રમાંક–૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૫મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૬, ૭, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નોના અગ્રતાક્રમ–૪, ૫ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૧૩થી ૩૨૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**સભ્યશ્રી દ્વારા તેમના પ્રવચનનું વિડિયો રેકોર્ડીંગ કરી વાયરલ કરવા બાબત**

માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરે, સભ્યશ્રી અનંતકુમાર પટેલે તેમના પ્રવચનનું વિડિયો રેકોર્ડીંગ કરાવીને વાઇરલ કરવા સંબંધી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કરતાં, રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વિધાનસભાગૃહની કાર્યવાહીનું વિડિયો રેકોર્ડીંગ કરી શકાતું નથી, તેમ જણાવી જો કોઇ સભ્ય કે ચેનલ તેને પ્રસારીત કરે તો ગૃહનો વિશેષાધિકાર ભંગ અને અવમાન થાય છે. આ બાબતે અગાઉ પણ આ પ્રકારની ઘટનાઓ બની છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ તેને અટકાવવા પગલાં લેવાની રજૂઆત કરતાં, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ લોકસભા અને રાજ્યસભાનું લાઇવ પ્રસારણ થઇ રહ્યું હોવાની વાત જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ ઘટના સાથે તેને કોઇ સંબંધ ન હોવાનું જણાવી, માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરને આ ઘટના સંબંધિત લેખિત પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૩) ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૪) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત રાજય અન્ન આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૮–૧૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૮) નાણાં વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૮ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

| No | Notification No. | Date |
|---|---|---|
| 1 | (GHN-88)GST-2019/S.11(1)(50)-TH | 30-09-2019 |
| 2 | (GHN-90)GST-2019/S.9(3)(13)-TH | 30-09-2019 |
| 3 | (GHN-94)GSTR-2019/S.164(47)-TH | 30-09-2019 |
| 4 | (GHN-107)GST-2019/S.148(24)-TH | 25-10-2019 |
| 5 | (GHN-110)GST-2019/R-123(4)-TH | 13-11-2019 |
| 6 | (GHN-112)GST-2019/S.172(14)-TH | 16-11-2019 |
| 7 | (GHN-113)GST-2019/S.11(3)(3)-TH | 22-11-2019 |
| 8 | (GHN-115)GST-2019/S.172(15)-TH | 05-12-2019 |
| 9 | (GHN-119)GST-2019/R.48(4)(1)-TH | 17-12-2019 |
| 10 | (GHN-120)GST-2019/R.46(1)-TH | 17-12-2019 |
| 11 | (GHN-123)GSTR-2019/S.164(50)-TH | 17-12-2019 |
| 12 | (GHN-125)GST-2019/S.128(17)-TH | 27-12-2019 |
| 13 | (GHN-126)GSTR-2019/S.164(51)-TH | 27-12-2019 |
| 14 | (GHN-127)GST-2019/S.172(16)-TH | 27-12-2019 |
| 15 | (GHN-128)GST-2019/S.9(1)(30)-TH | 31-12-2019 |
| 16 | (GHN-129)GST-2019/S.9(3)(15)-TH | 31-12-2019 |
| 17 | (GHN-1)GST-2020/S.1(10)-TH | 01-01-2020 |
| 18 | (GHN-10)GST-2020/S.96(2)-TH | 30-01-2020 |

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૪થી માર્ચ ૨૦૨૦ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) શ્રી સી.કે.રાઉલજી
(૩) શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર
(૪) શ્રીમતી સીમાબેન મોહીલે
(૫) શ્રી કનુભાઇ બારૈયા
(૬) શ્રી રમેશભાઇ કટારા
(૭) શ્રી રઘુભાઇ દેસાઇ
(૮) શ્રી જશુભાઇ પટેલ
(૯) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૧૦) શ્રી અમરીષભાઇ ડેર

**૫. માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન**

**અધિકારીશ્રીઓએ સભ્યશ્રીઓની રજૂઆતો અને સૂચનોની નોંધ કરવા બાબત.**

માનનીય સભ્યશ્રીઓ પોતાના પ્રવચનમાં તેમના મત વિસ્તારની રજૂઆતો અને લોકોપયોગી સૂચનો કરતા હોય છે, જેની અધિકારીશ્રીઓએ નોંધી લેવાની હોય છે. કેટલાક અધિકારીઓ નોંધે છે. સભ્યશ્રીઓને તેમના પિજીયન બોક્ષમાં તેમના પ્રવચનની નકલ મળતી હોય છે જે તેમણે અધિકારીશ્રીઓને આપવી જોઇએ અને અધિકારીશ્રીઓએ તે મેળવી લેવી જોઇએ, તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ચર્ચામાં ભાગ લીધો.

**વિરામ બપોરના ૨.૩૧ થી ૩.૦૦**

**૭. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારીએ, '' જળ સંચય અભિયાન અંતર્ગત છેવાડાના માનવી સુધી નલ સે જલ તક અભિયાનને સમય મર્યાદામાં પૂર્ણ કરવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી લલીતભાઇ કગથરા | (૪) શ્રીમતી માલતી મહેશ્વરી |
| (૨) ડો.આશાબેન પટેલ | (૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| (૩) ડો.અનિલ જોષીયારા | (૬) શ્રી કુંવરજીભાઇ બાવળીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી |

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી અરવિંદ પટેલે, '' વિશ્વાસ પ્રોજેક્ટથી ગુનાઓની ઝડપી તપાસ, ગુના અટકાવવા, ટ્રાફિક નિયમન વગેરે બાબતોની સુવિધા પ્રાપ્ત થવાની હોવાથી પ્રજાજનોમાં યોગ્ય પ્રચાર અને પ્રસાર થાય તેવું આયોજન કરવા'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર | (૫) ડો.કીરીટકુમાર પટેલ |
| (૨) શ્રી હર્ષ સંઘવી | (૬) શ્રી બળદેવજી ઠાકોર |
| (૩) શ્રી લલીત વસોયા | (૭) શ્રી પ્રદિપસિંહ જાડેજા |
| (૪) શ્રી રમણભાઇ પટેલ | (રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) |

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૫મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**